॥ श्रीजिनाय नमः ॥

॥ धर्मनृपचरित्रम् ॥

(मूल अने भाषांतर सहित) (कर्ता—श्रीवर्धमानसूरि) (द्वितीयावृत्तिः)

—ःछपावी प्रसिद्ध करनारः—

पण्डित हीरालाल हंसराज—जामनगर.

(सने १९३५) मुद्रकः—श्रीजैनभास्करोदय प्रिन्टिंग प्रेस. (वीरसंवत् २४६१)

किंमत ०–८–०

॥ श्रीजिनाय नमः ॥

॥ धर्मनृपचरित्रम् ॥

(कर्त्ता–श्रीवर्धमानसूरि)

भाषांतरकर्ता तथा छपावी प्रसिद्ध करनार—पण्डित श्रावक हीरालाल हंसराज (जामनगरवाला)

यद्भोग्यमुपभोग्यं च पारिमित्येन गृह्यते । भोगोपभोगमानाख्यं तद्वितीयं गुणव्रतम् ॥१॥

अर्थः--भोगमां तथा उपभोगमां लेवानी वस्तुओने जे (तेना) (नियमित) प्रमाणपूर्वक लेवामां आवे छे, तेने "भोगोपभोग परिमाण" नामनुं बीजुं गुणव्रत कहेवामां आवे छे. ॥१॥

सुकृतश्रीनिवासैकसरोजं सप्तमं व्रतम् । चित्रमत्र परत्रापि सुरभीकुरुते सतः ॥ २ ॥

अर्थः—आ सातमुं व्रत पुण्यरूपी लक्ष्मीना निवासमाटे एक कमलसरखुं छे, परंतु आश्चर्यनी बिना छे के, (ते व्रतरूपी कमल)

चरि
॥ १

आलोक अने परलोकमां पण सज्जनोने सुगंधी करे छे. ॥२॥

कृती मितीकृताहारः सप्तमव्रतलीलया । मुच्यते संचितेनापि कर्मरोगेण धर्मवत् ॥ ३ ॥

अर्थः—प्रमाणपूर्वक भोजन करनारो चतुर मनुष्य सातमा व्रतनी लीलाथी धर्मराजानीपेठे संचित करेलां कर्मोरूपी रोगथी पण मुक्त थाय छे. ॥३॥

तथाहि सिद्धं साहित्यमिव विद्यासु भासुरम् । नगरोषु गुरुश्रीकमस्ति श्रीकमलं पुरम् ॥४॥

अर्थः—ते धर्मराजानुं उदाहरण कहे–छे विद्याओमां सिद्ध करेलां साहित्यनीपेठे देदीप्यमान, अने नगरीओमां महान् शोभावाळुं श्रीकमलनामनुं नगर छे. ॥४॥

तत्राजनिष्ट राजेन्दुः सत्याख्यो राजशेखरः । कालरात्रेरिवादर्शो यदसिर्ददृशेऽरिभिः॥५॥

अर्थः—ते नगरमां राजाओनेविषे मुकुटसमान सत्यनामनो राजा हतो, के जेनी तलवारने कालरात्रिना आदर्शनीपेठे शत्रुओ जोता हता. ॥५॥

सकलैः स कलापात्रैः क्षात्रैरिव गुणैः श्रितः । कस्य कस्य नमस्यत्वं भूभुजङ्गो न जग्मिवान्॥६॥

अर्थः—क्षत्रीयसंबंधी गुणोसरखा सघळा कलापात्र विद्वानोवडे आश्रित थयेलो ते राजा कोना कोना नमस्कारपणाने न पाम्यो हतो? (अर्थात् सर्व लोको तेने नमता हता.) ॥६॥

संभावि भुवि दुर्भिक्षं देव द्वादशवार्षिकम् । इत्येकदा पुरस्तस्य ज्योतिःशास्त्रविदोऽवदन् ॥ ७ ॥

अर्थः-हे स्वामी! पृथ्वीपर बार वर्षोनो दुकाळ पडवानो छे, एक दिवसे ज्योतिःशास्त्रोना जाणकार विद्वानोए तेनी पासे कह्युं.॥७॥

सर्वथा नान्यथादृष्टगिरामेषां मनीषिणाम् । चकम्पे वचसा तेन स वातेन तृणं यथा ॥ ८ ॥

अर्थः—आ बुद्धिवंत ज्योतिषीओनी भविष्यवाणी कोइ पण रीते जूठी पडशे नहीं, (एम विचारी) वायुथी घासनीपेठे (तेओना) ते वचनथी ते कंपवा लाग्यो. ॥८॥

रौप्यकाञ्चनरत्नादिसर्वस्वव्ययतस्ततः । कणानां च तृणानां च स चक्रे संग्रहं बहुम् ॥ ९ ॥

अर्थः—पछी रूपुं सुवर्ण तथा रत्नआदिक सर्व मिलकत वेचीने अनाजनो तथा घासनो तेणे घणो संग्रह कर्यो. ॥९॥

अथान्नसंग्रहव्यग्रे समग्रेऽपि जनेऽभितः । विवेश मध्ये देशस्य कापि दुर्भिक्षवर्णिका ॥१०॥

अर्थः—पछी चारे बाजुथी सर्व लोको अनाजनो संग्रह करवामांज व्यग्र थवाथी देशनी अंदर थोडोघणो दुष्काळनो नमुनो दाखल थयो. ॥ १० ॥

अन्नसंग्रहविक्रीतसर्वालंकरणो जनः । फाल्गुणच्युतपत्रालिशालजालवदाबभौ ॥ ११ ॥

अर्थः—अनाजना संग्रह माटे वेची नाखेल छे सर्व आभूषणो जेओए एवा लोको फागण मासमां खरी गयेलां पत्रोनी श्रेणिओवाळां (ठुंठ) वृक्षोनां समूहनीपेठे देखावा लाग्या. ॥११॥

निर्धान्या निर्धनाः काश्चिद्व्रजिष्यन्ति प्रजाः क्व मे । शुचेत्यचिन्तयद्राजा प्राजापत्येन लज्जितः॥१२॥

अर्थः—मारी केटलीक धान्य विनानी तथा धन विनानी प्रजा क्यां जशे? एम (पोताना) प्रजापतिपणाथी शरमायेलो ते

राजा शोकथी चिंतातुर बनवा लाग्यो. ॥१२॥

इति नित्यं ज्वलच्चिन्तातप्तस्योर्वीशितुर्मुदे । आषाढस्याद्य एवाह्नि पौरस्त्यपवनो ववौ ॥१३॥

अर्थः—ए रीते हमेशां (हृदयमां) बळती चिंताथी तपेला ते राजाने हर्ष करनारो असाडमासना पहेलेज दिवसे पूर्व दिशा तरफनो पवन वावा लाग्यो. ॥१३॥

अथांकुर इव प्राच्यां सुभिक्षफलशाखिनः । अम्बुदस्य लवोऽदर्शि मुदितेन महीभुजा ॥१४॥

अर्थः—पछी सुकाळरूपी फलद्रुप वृक्षना अंकुरासरखो पूर्व दिशामां हर्षित थयेला ते राजाए वादळांनो लेशमात्र जोयो. ॥१४॥

श्रीरिवाभ्युदयद्भाग्यभरस्य जलभृल्लवः । अवर्धतातिमात्रं स धात्रीश्वरमुदा समम् ॥१५॥

अर्थ–(पछी) उदय पामता भाग्यवाळा मनुष्यनी लक्ष्मीनीपेठे ते वादळानो लेश राजाना हर्षनी साथे अत्यंत वृद्धि पामवा लाग्यो.

अवग्रहग्रहान्विद्युदंगुल्या तर्जयन्निव । बलाकादशनैर्ज्योतिर्विदां वाचो हसन्निव ॥१६॥

दर्शनादेव दुर्भिक्षं द्विषं भुक्त्वेव निर्नदन् । धारामुशलसंपातैः क्ष्मादुःखमिव खण्डयन् ॥१७॥

अब्धिद्वयजलाकर्षनालयन्त्राभकार्मुकः । स ववर्ष प्रजाहर्षप्रकर्षाश्रुघनं घनः ॥ १८ ॥

अर्थः–विजळीरूपी आंगळीथी अटकायत करनारा ग्रहोनो जाणे तिरस्कार करतो होय नही! तथा बगलांओरूपी दांतोवडे ते ज्योतिषीओनां वचनोनी जाणे हांसी करतो होय नही! ॥ १६ ॥ देखावमात्रथीज दुष्काळरूपी शत्रुनुं भक्षण करीने जाणे गाजतो होय नही! तथा धाराओरूपी सांबेलानां घाथी पृथ्वीपरनां दुःखने जाणे खांडी नाखतो होय नही! ॥ १७ ॥ तथा बन्ने महासा-

गरोना जलने खेंची लेवामाटे नळना संचासरखा मेघधनुषवाळो ते वरसाद प्रजाना हर्षना उभराथी झरतां अश्रुओ सरखो जोरथी वरसवा लाग्यो. ॥१८॥

अन्योन्यकरतालाभिर्ज्योतिषज्ञोपहासकृत् । वृष्ट्यानयैव निष्पन्नः काल इत्यालपज्जनः ॥१९॥

अर्थः—परस्पर हाथमां तालीओ देइने ते ज्योतिषिओना अज्ञाननी हांसी करता लोको, आ वरसादथी दुष्काळ पूरो थयो! एम कहेवा लाग्या. ॥१९॥

कृतार्थां पृथिवीं कृत्वा लोकस्तवभयादिव । अब्दोऽथ क्वाप्यगादेष एषैव महतां गतिः ॥२०॥

अर्थः—(ए रीते) पृथ्वीने आनंदित करीने पछी जाणे मनुष्योनी प्रशंसाना भयथी होय नही! तेम ते वरसाद क्यांक चाल्यो गयो, केमके महान् परोपकारीओनी एवीज रीत होय छे. ॥२०॥

निवृत्तचिन्तासंतापं ततः क्ष्मापं परेऽहनि । एत्य हस्तमिलद्भालो वनपालो व्यजिज्ञपत्॥ २१ ॥

अर्थः—पछी नष्ट थयेल छे चिंतानो संताप जेनो, एवा ते राजाने, बळते दिवसे वनपाले आवीने, ललाटपर हाथ जोडीने वधामणी आपी के, ॥२१॥

त्वदुद्याने चतुर्मासवासमासूत्र्य तस्थुषः । युगन्धरमुनेरद्योत्पेदे केवलमुज्ज्वलम् ॥ २२ ॥

अर्थः—चतुर्मास रहेवानो निश्चय करीने आपना बगीचामां रहेला युगंधरनामना मुनिराजने आजे निर्मल केवलज्ञान उत्पन्न थयुं छे.

अथारामिकमापूर्य परमैः पारितोषिकैः । आरामाय जगामायममायसुकृतः कृती ॥२३॥

अर्थः—पछी निष्कपट पुण्यशाली तथा चतुर एवो ते राजा ते वनपालने उमदां इनामोथी भरीने (खुशी करीने पोताना) ते बगीचामां गयो. ॥२३॥

स त्रिः प्रदक्षिणीकृत्य प्रणिपत्य च तं मुनिम् । सद्धर्मदेशनां श्रुत्वा पप्रच्छेति कृताञ्जलिः॥२४॥

अर्थः—(त्यां) ते राजा ते मुनिराजने त्रण प्रदक्षिणा करीने तथा उत्तम धर्मदेशना सांभळीने हाथ जोडी एम पूछवा लाग्यो के,

प्रभो ज्योतिर्विदां तेषामवृष्टिविषयं वचः । कथं विघट्टितं पृथ्व्यामथ स प्राह केवली ॥२५॥

अर्थः—हे स्वामी! पृथ्वीपर ते ज्योतिषीओनुं वरसाद नही थाय, एरीतनुं वचन केम जूठुं पडयुं? त्यारे ते केवली भगवाने कह्युं के, ॥२५॥

ग्रहयोगेन दुर्भिक्षं भवद्द्वादशवार्षिकम् । कारणेन न येनाभूत्तदमीषामगोचरम् ॥ २६ ॥

अर्थः—ग्रहोना योगथी थनारो बार वर्षोनो दुष्काळ जे कारणथी थयो नही, ते कारण तेओना जाणवामां नहोतुं आव्युं.॥२६॥

पुरे पुरिमतालाख्ये नरः प्रवर इत्यभूत् । महारोगैः पराभूतः स युवापि स्वकर्मतः ॥२७॥

अर्थः—पुरिमतालनामना नगरमां प्रवरनामनो (एक) पुरुष हतो, ते युवान छतां पण पोताना कर्मयोगे महान् रोगोथी पराभव पामेलो हतो. ॥२७॥

सैष स्वाद्यं रसस्वादविलोलरसनारसः । जग्राह यं यमाहारं विकारमकरोत्स सः ॥२३॥

अर्थः—रसोना स्वादमां लालचु थएली जिह्वाना रसवाळो ते प्रवर जे जे आहार ग्रहण करतो हतो, ते ते तेने विकार उत्पन्न

करतो हतो. ॥२८॥

सोऽथ दध्यौ य आहारः शरीराहितकारकः । प्रत्याख्यानादनाहारफलं किं तस्य नाददे ॥ २९ ॥

अर्थः-पछी तेणे विचार्यु के, जे भोजन शरीरने नुकशान करनारुं छे. तेनुं पच्चख्खाण करीने अनाहारनुं फल हुं शा माटे न लेउं?

शूकासंकोचितदृशो भजन्ति सुदृशो न माम् । ताः प्रत्याख्याय किं साक्षान्न गृह्णे मर्त्यनाफलम्॥३०॥

अर्थः—सूगथी संकोचेली आंखोवाळी स्त्रीओ मने स्वीकारती नथी. तो हवे ते तेओसंबंधी पच्चख्खाण करीने साक्षात् (हुं) मनुष्यजन्मनुं फल शामाटे ग्रहण न करुं? ॥३०॥

इत्युज्ज्वलीकृतमतिर्मतिभाजां मतल्लिका । गुरून्गुणगुरूनेष साक्षीकृत्येदमब्रवीत् ॥ ३१ ॥

अर्थः—ए रीते निर्मल करेली छे, बुद्धि जेणे, तथा बुद्धिवानोमां शिरोमणि एवा ते मवरे श्रेष्ठ गुणोवाळा गुरुमहाराजने साक्षीरूप करीने एम कह्युं के, ॥३१॥

स्निग्धाम्लमधुरक्षारानाहारान्नाहमाहरे । कटुतिक्तकषायांस्तु गृह्णाम्यूनोदरव्रतः ॥ ३२ ॥

अर्थः– घृतआदिकवाळां पुष्ट, खाटां मिष्ट, तथा खारां भोजन हुं नही करुं, अने उनोदरी व्रत स्वीकारीने कडवां, तीखां, तथा तूरां (स्वल्प) भोजन हुं करीश. ॥३२॥

यदासक्तान्नरान्मुक्तिरीर्ष्ययेवेक्षतेऽपि न । ताः प्रत्याख्यामि वत्माक्षीर्भवाब्धेरधिदेवताः ॥३३॥

अर्थः—जे स्त्रीमां आसक्त थयेला पुरुषोने मुक्ति जाणे इर्ष्याथी सामे पण जोती नथी, अने जे संसारसागरनी (जाणे) अधि-

छायक देवीओ छे, एवी स्त्रीओनुं पण हुं पच्चक्खाण करुं छुं. ॥३३॥

इत्यादृतं व्रतं सत्त्वविशालः पालयन्नयम् । क्रमेण मुमुचे रोगैरसाध्यं सुकृतस्य किम् ॥३४॥

अर्थः—एरीते स्वीकारेलां व्रतने महापराक्रमी एवो ते भवर पालतो थको अनुक्रमे रोगरहित थयो, केमके पुण्यथी शुं साधी शकातुं नथी? ॥ ३४ ॥

तदमुञ्चन्व्रतं धीरो नीरोगत्वं गतोऽपि सः । क्रमेणाभूद्विभूतीनां प्रभूतानामपि प्रभुः ॥३५॥

अर्थः—नीरोगीपणाने पाम्या छतां पण ते व्रतने नही छोडतो एवो ते धैर्यवान् भवर अनुक्रमे घणी समृद्धिओनो स्वामी थयो.

तद्गृहे व्यलसन्दास्यः स्मरलास्यलसद्दृशः।स्वर्गवेश्या इव स्वर्गमुन्मुच्याल्पविभूतिकम् ॥३६॥

अर्थः—स्वल्प समृद्धिवाळा स्वर्गने छोडीने जाणे अप्सराओ [आवी] होय नही! एवी कामदेवना नृत्य माटे उल्लसायमान चक्षुओवाळी दासीओ तेने घेर आनंदपूर्वक रहेती हती. ॥३६॥

सत्संयमगुणस्वान्तावष्टम्भस्तम्भयन्त्रितः । नाक्रष्टुं विषयैः शेके तस्येन्द्रियगणः स तैः ॥३७॥

अर्थः—तेना उत्तम संयमगुणवाळा हृदयना आधाररूप स्तंभमां बांधेला तेना ते इंद्रियोना समूहने ते विषयो खेंची शक्या नही.

आययौ मार्गकोटीभिर्धनं यत्तस्य नित्यशः । ययौ पात्रदयौचित्यदानमार्गत्रयेण तत् ॥३८॥

अर्थः—हमेशां तेने जे क्रोडो मार्गेथी धन आवतुं हतुं, ते सुपात्रदान दयादान अने औचित्यदानरूपी त्रण मार्गेथी जतुं हतुं.॥३८॥

अन्नार्थविग्रहव्यग्रपितृमातृसुतोद्धतम् । एकदा रङ्कदुःप्रेक्षं दुर्भिक्षं समभूद्भुवि ॥३९॥

अर्थः–एक वखते अनाजमाटे लडी मरता माता, पिता, तथा पुत्रोना भयंकर देखाववाळो, अने रंकोथी न जोइ शकाय एवो दुष्काळ पृथ्वीपर प्रगट थयो. ॥३९॥

विलीनं दानिनां दानैस्तद्दानं ववृधे तदा । ग्रीष्मे सरोऽम्भः शुष्येत स्यादुल्लोचिस्तु वारिधिः॥४०॥

अर्थः–ते वखते दानेश्वरीओनुं दान नष्ट थयुं, परंतु तेनुं दान वृद्धि पाम्युं, केमके गीष्मऋतुमां तळावनुं जळ सूकाइ जाय छे, परंतु समुद्र उछाळा मारे छे. ॥४०॥

दुर्भिक्षभीरुभिर्भेजे स एवैको जगज्जनैः । सर्वज्ञदिष्टः संसारभीतैर्धर्म इवाभितः ॥ ४१ ॥

अर्थः—संसारथी डरेला मनुष्यो सर्वज्ञप्रभुए उपदेशेला धर्मने जेम सेवे छे, तेम दुष्काळथी डरेला जगतना लोको चोतरफथी तेनेज एकने सेववा लाग्या. ॥४१॥

प्रासुकैः पेयपक्वान्नदधिदुग्धघृतादिभिः । स दिगन्तागतान्साधूँल्लक्षशः प्रत्यलाभयत् ॥४२॥

अर्थः—वळी ते धवरशेठ दूरदूरथी आवेला लाखोगमे मुनिओने प्रासुक जल, पक्वान्न, दहीं दूध तथा घृतआदिकथी प्रतिलाभता हता, ॥ ४२ ॥

पितृभ्रातृसुतीकृत्य श्रावकान्स वयःक्रमात् । प्रत्यहं गृह एवोच्चैरसंख्यातानभोजयत् ॥४३॥

अर्थ—(वळी) ते हमेशां असंख्याता श्रावकोने वयना क्रममुजब पिता, भाइ तथा पुत्ररूप लेखीने (पोताने) घेरज सन्मानपूर्वक जमाडतो हतो. ॥४३॥

इत्यखण्डव्रतः श्रीमान्प्रवरस्तुवरस्तुति । दानैकव्यसनः कालयो गतस्त्रिदिवं गतः ॥ ४४ ॥

अर्थः—ए रीते अखंडित व्रतवाळो उत्तम प्रशंसावाळो, लक्ष्मीवान, तथा फक्त दाननाज व्यसनवाळो ते प्रवर शेठ काल योगे देवलोकमां गयो. ॥४४॥

शाश्वतार्हन्महायात्रानित्यनिर्मलधर्मधीः । पूर्णायुश्चिन्तयामास स वासवसमः सुरः ॥४५॥

अर्थः—शाश्वता जिनेश्वर प्रभुओनी महान् यात्राओ करवामां हमेशां निर्मल धर्मबुद्धिवाळो ते इन्द्रसामानिक देव आयु पूर्ण थयेथी विचारवा लाग्यो के, ॥४५॥

श्राद्धो युगप्रधानोऽस्ति यः कश्चिद्भुवि तत्सुतः । भूयासं सार्वभौमोऽपि मा भूवं कलुषे कुले॥४६॥

अर्थः—जे कोइ पृथ्वीपर युगप्रधान श्रावक होय, तेना पुत्र तरीके हुं थाउं तो ठीक, परंतु मलीन कुलमां चक्रवर्ती थवुं पण ठीक नही, ॥४६॥

इतश्च चित्रशालाख्ये त्वपुरोपपुरे पुरे । श्राद्धोऽस्ति शुद्धबुद्ध्याख्यो विमलाया मनःप्रियः॥४७॥

अर्थः—हवे चित्रशालानामना तमारा नगरना परामां विमलानामनी स्त्रीना हृदयने व्हालो शुद्धबुद्धि नामनो (एक) श्रावक छे. ॥४७॥

द्वादशव्रतनिर्व्याजपालनोज्ज्वलजीवितः । ईदृग्दुर्भिक्षवाचापि न चक्रे योऽन्नसंग्रहम् ॥४८॥

अर्थः—बारे व्रतोने निष्कपटपणे पालवामां निर्मल जीवनवाळा एवा जे श्रावके, आवा दुष्काळनी अफवाथी पण अनाजनो संग्रह कर्यो नथी. ॥४८॥

स देवस्तत्प्रियाकुक्षिमाप सुस्वप्नसूचितः । साप्यसूत सती पुत्रं पवित्रं ह्यस्तने दिने ॥४९॥

अर्थः—(हवे) ते देव उत्तम स्वप्नथी सूचित थइने ते श्रावकनी स्त्रीनी कुक्षिमां उत्पन्न थयो, अने ते सती स्त्रीए पण गइकालेज ते पवित्र पुत्रने जन्म आप्यो छे. ॥४९॥

महाभाग्यवतो जन्म तस्य जित्वाशु दुर्ग्रहान् । बभञ्ज बत दुर्भिक्षमिह द्वादशवार्षिकम् ॥५०॥

अर्थः–ते महाभाग्यशाली पुरुषना जन्मे तुरत दुष्ट ग्रहोने जीतीने खरेखर अहींना बार वर्षोना दुष्काळने तोडी पाड्यो छे.॥५०॥

इति श्रुत्वाद्भुतप्रीतिर्नत्वा केवलिनं नृपः । तत्राशु गत्वा तं बालं भाले न्यस्येदमूचिवान् ॥५१॥

अर्थः—एम सांभळीने अद्भुत प्रेमवाळो ते राजा केवली भगवानने नमीने, तथा तुरत त्यां जइने, ते बाळकने (पोताना) ललाटपर स्थापन करीने एम कहेवा लाग्यो के, ॥५१॥

दुर्भिक्षमज्जज्जगदुद्धारधीर नमोऽस्तु ते । राजा त्वमेव मे राज्ये तलारक्षोऽस्मि तावकः ॥५२॥

अर्थः—दुष्काळमां डुबता जगतनो उद्धार करवामां धैर्यवान एवा [हे] बाळक! तने नमस्कार थाओ? तुंज मारां राज्यनो राजा छो. हुं तो तारो कोटवाळ छुं. ॥५२॥

मूर्तिमानिव धर्मोऽयमित्थं दुर्भिक्षभङ्गकृत् । इति तस्याभिधा धर्म इति धात्रीभृता कृता ॥५३॥

अर्थः—आ रीते दुष्काळनो विनाश करनार आ देहधारी धर्मज छे, एम विचारी ते राजाए तेनुं धर्म एवुं नाम पाड्युं.॥५३॥

चरैर्मत्वेदमन्येऽपि भूभुजः स्वस्वभूमिषु । धर्माज्ञां वर्तयित्वाशु वर्षयामासुरम्बुदान् ॥५४॥

अर्थः—बातमीदारोमारफते आ हकीकत जाणीने बीजा राजाएओ पण पोतपोतानी भूमिमां ते धर्मनी आज्ञा वर्तावीने वरसादने वरसाव्यो. ॥५४॥

वयःकालोचितैश्चित्रैः प्राभृतैः सर्वभूभुजाम् । अश्रान्तानन्दसंदर्भः सोऽर्भकः समवर्धत ॥५५॥

अर्थः—सघळा राजाओतरफथी आवेली, तथा वय अने समयने लायक नाना प्रकारनी भेटोवडे अति आनंदना उल्लासवाळा ते बाळक वृद्धि पामवा लाग्यो. ॥५५॥

समस्तभूभृतां पुत्र्यः सकलाः कमलेक्षणाः । पतिंवरास्तमाजग्मुः समुद्रमिव निम्नगाः ॥५६॥

अर्थः—समुद्र पासे जेम नदीओ जाय तेम सर्व राजाओनी कलावंत, तथा कमल सरखां चक्षुओवाळी पुत्रीओ ते धर्मकुमारने (परणवा माटे) स्वयंवर तरीके आववा लागी. ॥५६॥

धर्मः समग्रभूगोललोलाज्ञो गुरुभक्तिभाक् । धर्मी कर्माण्यसंचिन्वन्स भोगान्बुभुजेऽद्भुतान् ॥५७॥

अर्थः— समस्त पृथ्वीपीठपर वर्तती छे आज्ञा जेनी, तथा गुरुमहाराजनी भक्ति करनारो ते धर्मी धर्मकुमार कर्मोनो संचय कर्या विना अद्भुत भोगो भोगववा लाग्यो. ॥५७॥

भुक्तभोगस्त्वसौ योगबलमुज्ज्वलमाश्रितः । उत्पन्नकेवलज्ञानमहिमा मुक्तिमासदत् ॥५८॥

अर्थः—पछी भोगो भोगव्याबाद ते योगबलने प्राप्त थयो, अने तेथी केवलज्ञान उत्पन्न थवाथी महिमाळो थयोथको ते मोक्ष पाम्यो. ॥ ५८ ॥

इति धन्यस्य धर्मस्य भवद्वयनिदर्शनात् । जितसंपत्तिसंपातैः सेव्यतां सप्तमं व्रतम् ॥ ५९ ॥
अर्थः-एरीते आ भाग्यशाली धर्मश्रावकना बन्ने भवोना दाखलाथी, समृद्धिनी आवकने जीतनारा मनुष्योए सातमुं व्रत सेववुं.५९

॥ इति भोगोपभोगव्रतविचारे धर्मनृपकथा ॥

अहीं भोगोपभोगव्रतना विचार उपर धर्मनृपनी कथा कही.

आ चरित्र श्रीवर्धमानसूरिए रचेला वासुपूज्यचरित्रमांथी ओधरीने तेनुं गुजराती भाषांतर करी छपावी प्रसिद्ध करेल छे.

इति श्रीधर्मनृपचरित्रं समाप्तम्